# જન્મદિને વધામણી



રાજુલ ભટ્ટ
મો. ૯૪૨૭૬ ૦૮૧૯૦



ઘનશ્યામ મોદી
મો. ૯૯૨૫૭ ૪૧૩૦૬



નારાયણભાઈ ભોજક
ફોન : ૨૩૨૩૧૦૯૨



કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ
લેખિકા/કવયિત્રી
મો. ૯૭૧૪૧ ૯૮૨૫૦



હસમુખ વી ઠાકર
સલાહકાર, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર
કાનૂન મંત્રી, ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ
કાર્યકર, માનવ સેવા મંડળ
મો. ૭૮૭૪૪ ૧૪૦૬૬



શ્રેયા પરેશકુમાર રામજીયાણી
મો. ૯૮૨૫૨ ૨૦૯૫૪

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# રવિવારે ગાંધીનગર ખાતે ત્રણ નૃત્યાંગનાઓ દ્વારા આરંગૈત્રમ



ધ્વનિ દેવશ્રી જાહ્નવી


ગાંધીનગર, તા. ૨૬

આગામી રવિવારે ગાંધીનગર ખાતે ત્રણ નૃત્યાંગનાઓનું આરંગૈત્રમ યોજાઈ રહ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર એન લલિતકલા એકેડેમીની વિદ્યાર્થીની ધ્વનિ રાજેશભાઈ પટેલ, દેવશ્રી મહેશકુમાર રાણા અને કુ. જાહ્નવી યોગેન્દ્ર પાઠકે કલાગુરૂ શકુંતલાબેન ઓઝા પાસેથી ભરતનાટ્યમ્‌ની તાલીમ સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે. આ તાલીમની પૂર્ણાહુતિ રૂપે ત્રણેય નૃત્યાંગનાઓ દ્વારા તા. ૧ મે, ૨૦૧૬ ને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે ખીમજી વિસરામ સંસ્કાર ભવન, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ હૉલ, સૅક્ટર-૨૩ ખાતે આરંગેત્રમની પ્રસ્તુતિ કરવામાં આવશે.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર કલ્ચરલ ફૉરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા, અતિથિ વિશેષ તરીકે ગામીત જ્ઞાતિ મંડળ, અમદાવાદ-ગાંધીનગરના પ્રમુખ જગદીસભાઈ કે ગામીત, સમસ્ત શહેર અમદાવાદ રાણા જ્ઞાતિના પ્રમુખ બકુલભાઈ અંબાલાલ રાણા, મંત્રી નરેશભાઈ શામળદાસ રાણા, ઔડાના નિવૃત્ત કારોબારી અધિકારી ડૉ. જગદીશભાઈ જી. પંડ્યા, મહેસાણા લૅન્ડ રૅકડ્‌ર્સ ડિસ્ટ્રીક્ટ ઈન્સપેક્ટર કેપી ગામીત, રાજકોટનાં તબીબ ડૉ. જ્યોતિબેન બી પંડ્યા ઉપસ્થિત રહેશે.

# ટપાલ ટિકિટ લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેવા સાહિત્ય સભાના સભ્યોને આમંત્રણ



ગાંધીનગર, તા. ૨૬

નવા સચિવાલય સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે તા. ૨૭ એપ્રિલ ને બુધવારના રોજ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ટપાલ ટિકિટનું લોકાર્પણ યોજાઈ રહ્યું છે, આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી નોંધમાં સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે કે સૂચના અને સંચાર પ્રાદ્યોગિકી વિભાગ, ભારત સરકારના ટપાલ વિભાગ અને ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે આ લોકાર્પણ સમારોહનું આયોજન નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ભોંયતળિયે, સચિવાલય, સરદાર ભવન ખાતે તા. ૨૭ એપ્રિલ ને બુધવારે બપોરે ૨.૩૦ કલાકે કરવામાં આવ્યું છે.

સમારોહ અંતર્ગત પ્રખર સારસ્વત શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની સ્મૃતિમાં ભારત સરકાર દ્વારા પ્રગટ થનાર ટપાલ ટિકિટનું લોકાર્પણ રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે રમતગમત વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે.

સાહિત્ય સભાને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ મળ્યું હોવાથી સભાના સૌ સભ્યોએ આ પ્રસંગે ઉપસ્થિત રહેવું એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# 'યુવા અનસ્ટૉપેબલ' દ્વારા સેવાકાર્યો



ગાંધીનગર શહેરમાં જેમ વયસ્કો દ્વારા સેવાપ્રવૃત્તિઓનો ધમધમાટ છે એમ યુવાઓ દ્વારા પણ સેવાપ્રવૃત્તિઓનાં ફૂલો મહેકતાં રહે છે. આ તસવીરો આવી જ એક મહેક પ્રસરાવતાં ફૂલોની છે. 'યુવા અનસ્ટૉપેબલ' નામથી ચૅરિટી ઍક્ટિવિટીઝ કરતા શહેરના યુવાનોએ તાજેતરમાં 'ફૂડીઝ અનસ્ટૉપેબલ' નામે ઈવેન્ટનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાંથી જે આવક થઈ એનો સદુપયોગ એમણે જરૂરિયામંદોને પગરખાંનું વિતરણ કરવામાં કર્યો. જરૂરિયાદમંદોને આ યુવાનોએ પગરખાં અર્પણ કરીને બળબળતા તાપમાં ન માત્ર એમના તનને પરંતુ અંતરનેય ઠંડક કરી આપી. આ ઉપરાંત, સદ્‌ભાવના ટ્રસ્ટ સાથે મળીને આ યુવાનોએ જીઆઈડીસી વિસ્તારમાં પક્ષીઓ માટે પાણીનાં ૧૦૦ જેટલાં કૂંડાં પણ મૂકી આણ્યાં. પોતાની વય મુજબ ઈવેન્ટની મજા તો ખરી જ, પરંતુ સામાજિક જવાબદારી રૂપે ચૅરિટીનાં કામો પણ કરનારા આવા જાગૃત 'યુવા અનસ્ટૉપેબલ' હોય એમાં નવાઈ શી !

# ૨૯-૩૦ એપ્રિલે મહાત્મા મંદિર ખાતે GCCI એક્ષ્પો- સમિટ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યમાં મોટાપાયે રોજગારી પૂરી પાડતા નાના અને મધ્યમ કદના (એમએસએમઇ) યુનિટોના વિવિધ પ્રશ્નોના ઉકેલ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (જીસીસીઆઇ)ની આગેવાની હેઠળ રાજયના ૧૮૦ જેટલા એસોસિએશન્સ મહિનાના અંતમાં રાજ્ય સરકાર સાથે પરિસંવાદ કરશે. એસએમઇ યુનિટોના રેવન્યૂ, વેટ, પર્યાવરણ અને જીઆઇડીસીને લગતા પ્રશ્નોના ઉકેલ માટે આ પ્લેટફોર્મ દ્વારા એસોસિએશન્સ દ્વારા રજૂઆત કરશે. રાજયના એમએસએમઇ ક્ષેત્રના વિકાસને વેગ આપવા તથા વૈશ્વિક મંદી સામે સુરક્ષાના પગલાંના ભાગરૂપે ચેમ્બર દ્વારા પ્રથમ વખત સમીટ અને એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૨૯-૩૦ એપ્રિલ દરમિયાન યોજનારી સમિટ અને એક્ષ્પોમાં જાહેર ક્ષેત્રની કંપનીઓ, કોર્પોરેટ જગતના અગ્રણીઓ અને સરકારના પ્રતિનિધિઓ સાથે મળીને વૃદ્ધિને વેગ આપવા માટેના માર્ગો અંગે ચર્ચા કરશે. મેક ઇન ઇન્ડિયા થીમ પર ધ્યાન કેન્દ્રિત કરીને ઔદ્યોગિક પ્રદર્શન, વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ તથા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટે પરિસંવાદ થશે. વૃદ્ધિને વેગ આપવા વિવિધ સ્ટેક હોલ્ડર્સની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવશે અને આગામી સ્ટ્રેટેજીની વિચારણા પણ થશે. ચેમ્બરના પ્રમુખ રોહિત પટેલે જણાવ્યું હતું કે, 'રાજ્યના ૩.૬૨ લાખ એમએસએમઇ જીડીપીમાં ૧૧ ટકા યોગદાન આપે છે. એન્જિનિયરિંગ, ડાઇઝ એન્ડ કેમિકલ્સ, ફાર્મા, ટેક્સ્ટાઇલ પ્રોસેસિંગ, ફાઉન્ડ્રી અને કોલ્ડ સ્ટોરેજ જેવા ક્ષેત્રોમાં વહિવટી બાબતોમાં નીતિ વિષયક સ્પષ્ટતા માટે રાજ્ય સરકારના મંત્રીઓ અને ઊચ્ચ અધિકારીઓની હાજરીમાં વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવશે. આ માટે અમે વિવિધ એસોસિએશનો પાસેથી પ્રશ્નો મંગાવ્યા છે. મુખ્યત્વે વેટ, પર્યાવરણ, જીઆઇડીસી, રેવેન્યૂ, ઔદ્યોગિક નીતિ અને ઊર્જા જેવી બાબતો અંગે ચર્ચા કરવામાં આવશે. કેન્દ્ર સરકારે જાહેર ક્ષેત્રની કંપનીઓ અને કોર્પોરેટ એકમો માટે તેમની ખરીદીનો નિશ્ચિત હિસ્સો એમએસએમઇ પાસેથી ખરીદવાનું ફરજિયાત બનાવ્યું છે ત્યારે અમે આ એક્ષ્પોમાં વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામનું પણ આયોજન કર્યું છે, જેમાં અગત્યની વિગતો આપવામાં આવશે. આ સાથે બે દિવસનું ઔદ્યોગિક એક્ઝિબિશન પણ યોજાશે, જેમાં ૭૫ જેટલી કંપનીઓ ભાગ લઇ રહી છે. તેમાં ડિફેન્સ, રેલ્વે, ગેઇલ, જીએસએફસી, જીએસીએલ વગેરે ભાગ લેશે. રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ફિક્કીના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ પંકજ પટેલ આ સમિટનું ઉદ્‌ઘાટન કરશે.

# મનોરંજન

## સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
ફૅન
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
લાલ રંગ
૬.૪૫

**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (૩ડી અંગ્રેજી)
સવારે ૧૦.૩૦
જંગલબૂક (૩ડી હિન્દી)
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
કિ એન્ડ કા
૭.૩૦
સાંતા બાંતા પ્રા.લિ.
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૧૦.૧૫
લાલ રંગ
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ફૅન
૧૦.૦૦, ૭.૦૦
લાલ રંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦



અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં દરેક તાલુકામાં આરોગ્યના કર્મચારીઓ અને આશાબહેનો દ્વારા જન જાગૃતિ માટે રેલીઓ યોજવામાં આવી હતી. જેમાં ખાસ મેલેરિયા અને અન્ય વાહકજન્ય રોગોથી કેવી રીતે બચી શકાય તેના પ્લે કાર્ડ અને બેનર્સ પ્રદશિત કરીને જન જાગૃતીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલીના અંતે જે તે તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય કક્ષાએ મેલેરિયા માટે સંવેદનશીલ હોય તેવા વિસ્તારમાં તથા સ્લમ વિસ્તારમાં રેલી પુર્ણ કરીને તાવના કેસોની શોધખોળ અને પોરાનાશક કામગીરી આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા કક્ષાનો કાર્યક્રમ દસક્રોઈ તાલુકાના કુહા ગામે જિલ્લા વિકાસ અધિકારી ભાર્ગવી દવેના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. તાલુકા આઈ.ઈ.સી. ઓફીસર ઠાકોર દ્વારા મેલેરિયા દિવસની ઉજવણી નિમિતે ગામમાં થનાર કામગીરીની જાણકારી આપી પ્રાસંગીક ઉદબોધન કરવામાં આવ્યું હતું. જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે અમદાવાદ જિલ્લામાં વાહક જન્ય રોગો સંદર્ભે ઘટાડો નોંધાય તે માટે વિવિધ કામગીરીથી વાકેફ કરી અત્યારે હાલ ઘરે ઘરે સર્વેલન્સ અને પોરાનાશક કામગીરી કાર્યરત છે તેમાં અસરકારક અને ઘનિષ્ઠ પગલાં હાથ ધરી મેલેરિયા નાબુદ થાય તેવા સક્રિય પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. શિલ્પા યાદવે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી અંતર્ગત વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપેલ સુત્ર "સારા ભવિષ્ય માટે મેલેરિયાનો અંત "ને અનુરૂપ કામગીરી કરવા અને ૨૦૩૦ સુધીમાં મેલેરિયા નાબુદ થાય તેવા પગલા હાથ ધરવા સૂચન કર્યું હતું.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

એપ્રિલ માસનો વિષય છે :

## 'મારા ગુરુ ગૌરવશાળી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે

# સ્મરણ : કૃષ્ણનું કે સામાન્ય માણસ કાનજીનું




vamlani2000@yahoo.co.uk

મહાભારતમાં કુન્તી દ્વારા બોલાયેલો એક સુંદર શ્લોક છે;

"વિપદઃ સન્તુ મે શશ્વત"

અર્થાત "મને સતત દુઃખ મળે" કુન્તી પોતાને સતત દુઃખ મળે એવું ઈચ્છે છે.

મનોવૈજ્ઞાનિક રીતે જોઈએ તો દરેક વ્યક્તિની સુખ પામવાની ઈચ્છા હોય છે. સુખની વ્યાખ્યા વ્યક્તિએ વ્યક્તિએ અલગ-અલગ હોય છે. વ્યક્તિનો પોતાનો વિકાસ કઈ રીતે થયો છે તેના ઉપર એ સુખને મૂલવવાનો આધાર હોય છે. માનવીય મનમાં સુખની ઈચ્છાની સાથે એક બીજી ઈચ્છા પણ અસ્તિત્વ ધરાવતી હોય છે અને એ ઈચ્છા તે દુઃખની ઈચ્છા, વિચિત્ર અને આશ્ચર્યજનક લાગે એવી વાત છે પણ દુઃખની ઈચ્છા વ્યકિતના અજાગૃત મનમાં ધરબાયેલી હોય જ છે.

કુન્તી પોતાને સતત દુઃખ મળે એવું ઈચ્છે છે. મહાભારતમાં તેનું કારણ પણ આપ્યું છે. કુન્તી પોતાને સતત દુઃખ મળે એવું એટલા માટે ઈચ્છે છે કે જેથી પોતાને કૃષ્ણનું સતત સ્મરણ રહે.

કુન્તી કૃષ્ણને કદાચ ઈશ્વર તરિકે પ્રસ્થાપિત કરીને તેમનું સતત સ્મરણ ઝંખતા હોય. દુઃખમાં આપણે સૌ ઈશ્વરનું સ્મરણ કરીએ છીએ. કુન્તી અને કૃષ્ણનો સામાજીક સંબંધ ફોઈ-ભત્રીજાનો.

મહાભારતમાં કૃષ્ણએ પોતાના સામાજીક સંબંધોથી પર જઈને પણ જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં સૌને મદદ કરવા માટે પોતાના ચાર હાથ લંબાવ્યા છે. શ્રીમદ ભાગવતના બાલકૃષ્ણએ પણ વ્રજનાં ગોપ-ગોપીઓને, અબાલ-વૃધ્ધ સૌને દરેક પ્રકારે અને દરેક સમયે મદદ કરી છે. વ્રજના લોકો તો કૃષ્ણનાં સ્મરણ માત્રથી દુઃખમાંથી હળવાફુલ થઈ જતાં એવું ભાગવતમાં લખ્યું છે. મદદ કરવા માટે હંમેશા તત્પર વ્યક્તિનું દરેક વ્યક્તિનાં હૃદયમાં એક સન્માનિય અને પૂજ્ય સ્થાન હોય છે. એ પછી કૃષ્ણ હોય કે વર્તમાન વિશ્વનો સામાન્ય માણસ કાનજી હોય.

વ્યક્તિના સુખના દિવસોમાં સૌ કોઈ સાથ આપવા અને સુખના ભાગીદાર બનવા માટે તત્પર હોય છે. દુઃખમાં સાથ આપે, દુઃખમાં ભાગીદાર બને એવા સ્નેહીઓ કે મિત્રો આપણે પામ્યા હોય તો એ આપણું સદનસિબ છે. પોતાના દુઃખમાં કૃષ્ણ સાથ આપે,પોતાના દુઃખમાં ભાગીદાર બને, પોતાનું દુઃખ મદદ કરીને હળવું કરે એ હેતુથી કુન્તી દુઃખ નથી માંગતા. કુન્તી તો કૃષ્ણનું સતત સ્મરણ રહે એટલા માટે દુઃખ માંગે છે.

કૃષ્ણ એક બળ છે. કૃષ્ણ એક તાકાત છે. કૃષ્ણ એક શક્તિ છે. કૃષ્ણ એક પ્રેરણાસ્ત્રોત છે. કૃષ્ણ એક ભક્તિ છે. કૃષ્ણ એક વિશ્વાસ છે. કૃષ્ણ એક પ્રેમ છે. કૃષ્ણ એક પીઠબળ છે. કદાચ, એટલે જ કુન્તી કહે છે કે કૃષ્ણનું મને સતત સ્મરણ રહે.

કૃષ્ણ અને કુન્તી તો પૌરાણીક પાત્રો છે, એક ઈતિહાસ છે કે એક પરિકલ્પના છે. વર્તમાન માનવીય સંબધોમાં પણ કૃષ્ણ અને કુન્તી જેવું જ કંઈક બનતું હોય છે. દરેક વ્યક્તિ માટે અન્ય કોઈ એક વ્યક્તિ કૃષ્ણ સ્વરૂપે હોઈ શકે. કૃષ્ણની તાકાત સ્વરૂપે હોઈ શકે. કૃષ્ણની ભક્તિ સ્વરૂપે હોઈ શકે. કૃષ્ણ સ્વરૂપે એક પ્રેરણાસ્ત્રોત હોઈ શકે. કૃષ્ણના પ્રેમ સ્વરૂપે હોઈ શકે. કે કૃષ્ણના વિશ્વાસ સ્વરૂપે પણ હોઈ શકે. વ્યક્તિને માથે જ્યારે દુઃખ આવી પડે છે, વિપત્તિ આવી પડે છે, વ્યકિત જ્યારે મુશ્કેલીઓથી ઘેરાઈ જાય છે ત્યારે પોતાના જીવનમાં કૃષ્ણ સ્વરૂપે સ્થાપેલી વ્યક્તિનું સ્મરણ થાય છે. એ કૃષ્ણ સ્વરૂપ વ્યક્તિનું સ્મરણ માત્ર તેને દુઃખના બોજામાંથી હળવી કરે છે.

જીવનમાં આવી પડેલા દુઃખમાં અન્ય કોઈની મદદ માગવી એ વાત જુદી છે. દુઃખ આવી પડે છે ત્યારે સૌ પ્રથમ તો આવી વ્યક્તિનું સ્મરણ થાય છે અને સ્મરણ થતાંની સાથે જ આવી પડેલી મુશ્કેલીઓમાંથી માર્ગ મળવાના એંધાણ મળે છે. સ્મરણ કરતાંની સાથે જ હળવાશ અનુભવીએ એ જ તો કૃષ્ણની અને કૃષ્ણ સ્વરૂપે સ્થાપેલી વ્યક્તિની મહત્તા છે.

આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક સ્વ. અબ્દુલ કલામનાં જીવનમાં છેલ્લા બે પુસ્તકોમાંનુ એક પુસ્તક "ટ્રાન્સેન્ડન્સ, માય સ્પીરીચ્યૂઅલ એક્સ્પિરિયન્સ વીથ પ્રમુખસ્વામી". આ પુસ્તકમાં કલામજીએ લખ્યું છે કે પોતે જ્યારે જ્યારે કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓ, સમસ્યાઓ કે પ્રશ્નોથી ઘેરાઈ જાય છે ત્યારે પ્રમુખસ્વામીનું સ્મરણ કરે છે. પ્રમુખસ્વામીના સ્મરણ માત્રથી તેઓ માનસિક રીતે હળવાશ અનુભવતા એવું કલામએ કબૂલ કર્યું છે.

દરેક વ્યક્તિની એવી ઈચ્છા હોય જ છે કે પોતાના જીવનમાં ઈશ્વર, ઉપરાંત કોઈ એક એવી વ્યક્તિ હોય જેના સ્મરણ માત્રથી પોતાનું દુઃખ, ગ્લાનિ, મુશ્કેલી, સમસ્યાઓ અને વ્યથા થોડી હળવી થાય. એ સ્મરણ માનું હોઈ શકે. એ સ્મરણ ગુરૂનું હોઈ શકે, એ સ્મરણ કુટુંબીજનનું હોઈ શકે, એ સ્મરણ સ્નેહીનું, સાધુનું, સંતનું પણ હોઈ શકે. વ્યક્તિની પસંદગી આપણે ખુદે કરવાની હોય છે. જીવનમાં કૃષ્ણ સ્વરૂપે સ્થાપેલી આવી વ્યક્તિનું બળ, શક્તિ, વિશ્વાસ અને તેમની પ્રેરણા દુઃખમાંથી બહાર નીકળવવા માટે મદદરૂપ થાય છે.

કુન્તી પોતાની વ્યથા કે દુઃખ કૃષ્ણ સાથે વહેંચવા નથી માંગતા. એમ જ, દુઃખમાં આવી પડેલી વ્યક્તિએ પોતાનાં દુઃખ પેલી વ્યક્તિ સાથે વહેંચવાના નથી. એ વ્યક્તિનાં સ્મરણથી પ્રેરણા અને બળ મેળવવાનાં હોય છે જેથી કરીને આવી પડેલા દુઃખ સામે પોતે લડી શકે, ઝઝૂમી શકે.

આપણે આપણી જાતને પૂછીએ, આપણાં જીવનમાં કુન્તીની જેમ કોઈ વ્યક્તિને કૃષ્ણ તરીકે સ્થાપિત કરી છે કે જેનું આપણે સતત સ્મરણ ઝંખીએ ?

